## સલામી સવારની..



સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*લોખંડી પાટાના સરોવરે બ્લૂ વ્હેલ તરે છે*
*લોકો આનંદથી જીંદગીની સફર કરે છે*
*મરે છે તંત્ર ભરોસે તંદ્રામાં રમત વાતે -*
*છતાં બ્લૂ વ્હેલ જેવી ટ્રેનોમાં, હામ ભરે છે...*

હાઈકુ

*છે ગાંડો હાથી -*
*મહાવત નશામાં -*
*નથી અંકુશ?!*

*બેદરકારી*
*ફરજપાલન ના*
*ઉતરે પાટા...*

### ચિંતન

*જીર્ણ શરીરે વર્ધમાનં વ્યધિર્નોપ્રેક્ષ્યેત ।*

**ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**જીર્ણ શરીરમાં પ્રવેશેલ વ્યાધિની ઉપેક્ષા ના કરવી.**

**રોગ કે વૃદ્ધાવસ્થામાં શરીર દુર્લભ બની જાય છે. આવા શરીરમાં સામાન્ય જણાતો રોગ પણ ગમે તે ક્ષણે ભયંકર સ્વરુપ ધારણ કરે છે. આથી, દુર્બળ શરીરમાં કોઈ સામાન્ય તકલીફ જણાતી હોય તો પણ તેની ઉપેક્ષા કર્યા વિના, એનો તાત્કાલિક ઉપચાર કરાવવો જોઈએ.**

**અનિયમિતતા, જંક ફૂડ, અને શરીર પ્રત્યે લાપરવાહી, ઓવર વેઈટીંગ આ બધું રોગના કારણ છે યુવાનીમાં ખબર નથી પડતી દુશ્મનનો જેમ શરીરમાં બંકર બનાવી બેઠા રહે છે પણ શરીર નબળું પડે, રોગનો સામનો કરવા અશક્ત હોય ત્યારે અનેક રોગની ફોજ સાથે હુમલો કરે છે.**

**શરીર પ્રત્યે જાગૃત - સાવચેત રહેવું.**

### સુવિચાર

- જિંદગી કી હર તપિશ કો મુસ્કુરા કર ઝેલો,
  ધૂપ કિતની ભી હો સમંદર સૂખા નહીં કરતે - **અશરફ ડબાવાલા**
- સફળતા એ લોંગ જમ્પ કે હાઈ જમ્પ નથી પણ તે એક મેરેથોન છે - **જય વસાવડા**
- ઓલવતા પહેલાં જાણવું, કે આગ છે કે તાપણું, અને એ ખાસ જોવું, બીજાનું છે કે આપણું - **નવનીત**
- ઉડવાની હિંમત હોય તો પાંખ ફૂટે, બાકી બેસી રહો તો કિસ્મત પણ ફૂટે - **એસ. ભટ્ટાચાર્ય**
- જેના જીવનનું કોઈ નિશ્ચિત લક્ષ્ય હોતું નથી તેમને ખરાબ
  કામનાઓ 'પ્રલોભન' આપે છે - **સંત ઓગસ્ટીન**
- અહંકાર સો ટકા શુદ્ધ થાય છે ત્યારે વ્યવહાર શુદ્ધ થાય છે - **દાદા ભગવાન**
- આજનું ઔષધ : વાયુના કારણે સોજા ઉપર અખરોટનું તેલ ગૌમુત્ર સાથે મિક્સ કરી લગાવવાથી સોજા ઉતરે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

'સસ્તુ સાહિત્ય' ના સ્થાપક સ્વામી અખંડ આનંદજી એકવાર અમદાવાદના એલીસબ્રીજ પરથી ચાલતા જતા હતા. એક ગુંડાએ સ્વામીજીની મશ્કરી કરવાની અને પોતાના બળનો પરચો બતાવવાની ઈચ્છા થઈ એણે સ્વામીજીના હાથનું કાંડુ જોરથી પકડી લીધું. ગુંડાને અભિમાન હતું કે સ્વામીજી એના હાથમાંથી કાંડુ છોડાવી શકશે નહિં. પણ સ્વામીજી તો શારીરિક અને માનિસક બેવ રીતે અશક્ત હતા. તરત જ કાંડુ છોડાવી દીધું અને બીજા હાથથી પેલા ગુંડાનું કાંડુ પકડી લીધું અને બોલ્યા, 'તારામાં તાકાત હોય તો તારું કાંડુ છોડાવ.' પેલો ગુંડો કાંડુ છોડાવી શક્યો નહીં અને બોલ્યો, 'સ્વામીજી, મને માફ કરો, તમે આટલા અશક્ત હશો એનો મને અંદાજ નહોતો.' સ્વામીએ કહ્યું, 'ભલે હું સન્યાસી રહ્યો અને મારામાં શારીરિક બળ અપ્રતિમ છે પણ એ બળનો ઉપયોગ બીજાને હેરાન કરવામાં નથી કરતો. પણ બીજાનું રક્ષણ કરવામાં તથા લોક કલ્યાણના કાર્યોમાં કરું છું, સૌ માટે દયા રાખું છું, અને એ દયાભઆવ તારા માટે પણ રાખું છું અને તને જવા દઉં છું. પણ હવે તું એક નિયમ લે કે કદી કોઈ ભગવાધારી સાધુઓ ને જ નહીં પણ નિર્દોષ ને પણ તું હેરાન કરીશ નહીં.'

પેલા ગુંડાએ કોઈ પણ નિર્દોષ ને હેરાન નહિં કરવાની પ્રતિજ્ઞા લીધી.

# નમામિ દેવી નર્મદે

**તંત્રીસ્થાનેથી...**

અત્યારે તો હવે નર્મદા ડેમના દરવાજા બંધ થતાં યોજનાનો મુખ્ય તબક્કો પૂરો થયો છે એટલે નહેરાનું કામ અધુરું હોવા છતાં એના લોકાર્પણ પ્રસંગમાં ઔચિત્ય જ ગણાય; પરંતુ ગંગાવતરણની ક્રેડિટ એકલા ભગીરથને મળી હતી એમ નર્મદાવતરણનો યશ કોઈ એક મુખ્યમંત્રી કે પ્રધાનમંત્રીને આપી શકાય એમ નથી. નર્મદા પર વિશાળ બંધ બાંધી ગુજરાતની તરસી ધરતીને તૃપ્ત કરવાનું સપનું લોહપુરુષ સરદાર પટેલે જોયું અને પંડિત જવાહરલાલ નહેરુએ પોતાના એ વડીલ સાથીના સપનાની આધારશિલા રાખી ત્યારથી લઈ વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમની કેસરિયા બ્રિગેટ સાથે દબદબાપૂર્વક પોતાના જ જન્મદિવસે એનું લોકાર્પણ કર્યુ - 'રાષ્ટ્રાર્પણ' કર્યુ ત્યાં સુધીનો ઘટનાક્રમ તપાસીએ તો અનેક લોકપુરુષો અને જનપ્રતિનિધિઓએ પોતાના સમયગાળામાં પોતાના ફાળે આવતી ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી છે. નરેન્દ્રભાઈ ભાગ્યશાળી કે એમના સમયગાળામાં યોજના છેલ્લે તબક્કે પહોંચી હતી. ડેમની ઊંચાઈ વધારવા માટેનો પુરુષાર્થ કોંગ્રેસ શાસન અને તે પછી સત્તા પર આવેલ ચીમનભાઈ પટેલ અને કેશુભાઈ પટેલની સરકારના સમયમાં અને વધવા ઓછા પ્રમાણમાં શંકરસિંહ વાઘેલાના શાસનકાળમાં પણ થયો હતો. એનું અમલીકરણ વિવિધ કારણોસર ઘોંચમાં પડતું હતું તેમાં મોદી સરકારને વિશેષ અનુકૂળતા એ રહી કે પોતે વડાપ્રધાન હતા અને જે રાજયો ગુજરાત વિરોધી વલણ અપનાવી વારંવાર વાંધાવચકા ઊભા કરતાં હતા તેમાં તેવા મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં પણ ભાજપ શાસિત તંત્ર અમલમાં હતું. આવી અનુકૂળતા ઊભી થવી તે પણ સદનસીબી જ ગણાય, નહીંતર ચીમનભાઈ પટેલ જેવા ખમતીધર મુખ્યમંત્રીના સમયમાં નર્મદા ડેમ સામે પર્યાવરણ વાદીઓથી લઈ રાજકીય જૂથો દ્વારા જે પ્રચંડ વિરોધ થયો હતો એનો આ આગવો ઈતિહાસ લખાય એમ છે. સ્વામી સચ્ચિદાનંદ અને કૃષ્ણપ્રસાદ ઝ. પટેલ તથા ચુનીલાલ વૈદ્ય જેવા ભેખધારી સર્વોદય નેતાઓએ બાબા આમટે તથા નર્મદા અભિયાનનાં ઝુઝારુ નેતા મેધા પાટકર સામે કેવી ઝીંક ઝીલી હતી તેની કદાચ આજની પેઢીને કલ્પના પણ નહીં આવી શકે. ભરૂચના સાંસદ અને કેન્દ્ર સરકારમાં ભારે વગ ધરાવતા રાષ્ટ્રીય નેતા અહમદ પટેલ માટે નર્મદા બંધનું સરળતાપૂર્વક નિર્માણ થાય તે પ્રાણ પ્રશ્ન બની રહ્યો હતો. અમરસિંહ ચૌધરી અને એમના પૂર્વ સૂરિ માધવસિંહ સોલંકીએ પોતપોતાના સમયગાળામાં શ્રેષ્ઠ કામગીરી બજાવીને નર્મદા યોજનાનું વિવિધ કારણોસર - સવિશેષ અદાલતી નિયંત્રણોને કારણે અટકેલું બાંધકામ આગળ વધારવા પ્રામાણિક પુરુષાર્થ કર્યો હતો. વિસ્થાપિત વનવાસીઓને વેસાવવાનો વિકટ પ્રશ્ન પણ તત્કાલીન ગુજરાત સરકારે અનેક અડચણો વચ્ચે હલ કર્યો હતો. નર્મદા યોજનાની ચળવળમાં અમરસિંહ ચૌધરીના શાસનકાળ દરમિયાન સરદાર સરોવર નર્મદા નિગમના કર્ણધાર રહેલા સનત મહેતાનો કે ચીમનભાઈ પટેલના શાસનકાળમાં નર્મદા વિભાગ સંભાળતા સંમત થયેલા પૂર્વ મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલનો પુરુષાર્થ પણ ઈતિહાસનાં પૃષ્ઠો પર અંકિત થયેલો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એમનો પક્ષ આ યોજનાનો સઘળો યશ પોતાના ફાળે લેવા પ્રયાસ કરશે તો તે હાસ્યાસ્પદ જ લેખાશે. શું લોકતંત્રમાં એટલું ખુલ્લાપણું ન હોવું જોઈએ કે સમસ્ત રાજયની જીવાદોરી સમી આ યોજનાનું સહિયારું શ્રેય લેવાનો પ્રયાસ કરે? અહમદ પટેલ, વિધાનસભામાં વિપક્ષના નેતા મોહનસિંહ રાઠવા અને કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ - પક્ષ પ્રમુખ ભરતસિંહ સોલંકી, ડભોઈ જેમનું કાર્યક્ષેત્ર રહ્યું છે તથા જેઓ બાલ્યાવસ્થાથી જ પિતા ચીમનભાઈ તથા માતા ઊર્મિલાબહેન પટેલ પાસેથી નર્મદા મંત્રનું ગુંજન સાંભળતા રહ્યા છે એવ સિદ્ધાર્થ પટેલને અને સંત શિરોમણિ સચ્ચિદાનંદજીને આ મહોત્સવમાં સમ્માનપૂર્વક ભાગીદાર બનાવ્યા હોત તો એથી વડાપ્રધાનના જન્મોત્સવ અને નર્મદાવતરણના લોકોત્સવને ચાર ચાંદ લાગી ગયા હોત. એવું નહીં થતાં આખો ઉપક્રમ માત્ર મોદી-મહિમાગાનનો જ અંગત મહોત્સવ બની રહ્યો એવું જ લાગે.

# પત્રકાર ઉપરનો હુમલો હવે બિન જામીન લાયક

**ગુન્હો રૂા.૫૦૦૦૦/- દંડ તથા ત્રણ વર્ષની સજાની જોગવાઈ**



કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

તાજેતરમાં ભારતમાં પત્રકારો ઉપરના હુમલાઓનું પ્રમાણ વધી ગયું છે. અન્યાય સામે લડતા ભ્રષ્ટાચારની પોલ ખોલતા કે સ્ટીંગ ઓપરેશન કરી સત્ય બહાર લાવતા નિડર નિષ્પક્ષ પત્રકારો ઉપર જાન લેવા હુમલો કરી તેને સમાજની બુરાઈઓ વિરૂધ્ધ લખતા બંધ કરવા ધાક, ધમકી આપવી એ સામાન્ય બાબત છે. જો તે હુમલો કરી મારઝુડથી વાત ના પતે તો જાન પણ લેતા અચકાતા નથી કેટલાય પત્રકારોએ આ રીતે જીવ ગુમાવ્યો છે. ચોથી જાગીરના આધાર સ્તંભ ગણાતા લોક પ્રહરી ઉપરના હુમલાને સમગ્ર ભારતમાં વિરોધ પ્રગટ કરી રેલીઓ, આવેદ પત્રો આપી દોષીતોને, ગુન્હેગારોને, હત્યારાઓને પકડવા તથા મૃત પત્રકારના પરિવારજનોને ન્યાય અપાવા જેવી જાગીરના પ્રહરીઓ, તંત્રીઓ, લેખકો તથા સમાજ સેવકો એક સંપ થઈ ઝુંબેશ ચલાવી રહ્યા છે. આ ઝુંબેશને કાયદાકીય રીતે રક્ષીત કરવા સરકાર દ્વારા ગુન્હેગારોને સજા કરવા માટે પત્રકારો ઉપર હુમલો કરનાર ઉપર બિન જામીન ગુન્હો દાખલ કરવાની તથા રૂા.૫૦૦૦૦/- નો દંડ કરવાની કાયદામાં જોગવાઈ કરવામાં આવી છે.

આ ઉપરાંત પત્રકારો, લેખકો ઉપર થતા હુમલામાં ઈજા ગ્રસ્ત વ્યક્તિનો સારવારનો, દવાદારૂનો તમામ ખર્ચ સરકાર ઉપાડશે તેવું વિધાયકમાં તાજેતરમાં જ મહારાષ્ટ્ર સરકારે બહુમતીથી પસાર કરી મીડીયા લૉ માં લાગુ પાડવા માટે પત્રકાર સંઘે માંગણી કરેલ છે.

અત્યાચાર, અન્યાય, ભ્રષ્ટાચારને ઉજાગર કરવા બદલ જનસમુદાય સુધી પહોંચાડવા માટે પત્રકારોને જવાબદાર ગણી અપરાધીઓ દ્વારા પત્રકારોની કલમને બંધ કરવા માટે શામ, દામ, દંડની યુક્તિ અજમાવી ધાક, ધમકીથી શારીરિક, માનસીક ઈજા પહોંચાડી લખતા બંધ કરવાની વરવી માનસીકતાવાળા લોકો વિરૂધ્ધ સદર વિધાયકના કારણે આરોપી પકડાતા કોર્ટ દ્વારા જામીન રદ કરવામાં આવશે તથા રૂા.૫૦૦૦/- નો દંડ ફટકારવાની જોગવાઈ કરેલ છે તેમજ આ પ્રકારના કેસો અન્ડર ટ્રાયલ ચલાવી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવી પીડીત વ્યક્તિને ઝડપી ન્યાય અપાવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.


કામકાજ દરમ્યાન પત્રકારો ઉપર કોઈપણ પ્રકારની હિંસા કરી શારીરિક, માનસીક નુકશાન પહોંચાડવું એ ગુન્હો ગણાશે તથા મીડીયા હાઉસને નુકશાન કરનાર ઉપર બિન જામીન લાયક ગુન્હો નોંધવાની જોગવાઈની સાથે રૂા.૫૦૦૦૦/- જેટલો દંડ વસુવાની પણ વિધેયકમાં જોગવાઈઓ કરવામાં આવેલ છે અન્ય રાજયોમાં સરકારે લાગુ કરેલ છે અને અન્ય રાજયમાં આ કાનૂન લાગુ કરવા માટે ભલામણ રાજય સરકારોને કેન્દ્રના સૂચના અને પ્રસારણ વિભાગ તથા કાયદા મંત્રાલય દ્વારા કરવામાં આવેલ છે જેનો ટૂંક સમયમાં જ ભારતના અન્ય રાજયમાં અમલ થશે.

આરોપીઓને ત્રણ વર્ષની સજાની જોગવાઈ તથા બિન જામીન લાયક ગુન્હો નોંધી કેસ અન્ડર ટ્રાયલ ચલાવવાની જોગવાઈ ઉપરાંત આરોપીને રૂા.૫૦૦૦૦/- નો દંડ ફરમારવની ન્યાયાધિશને સત્તા આપવામાં આવેશે. આ ઉપરાંત પીડીત વ્યક્તિની સારવારનો ખર્ચ પણ રાજય સરકાર ઉઠાવશે તથા તેને યોગ્ય વળતર પણ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

જો અપરાધી દ્વારા ખર્ચ તથા વળતરની રકમ ચુકવવામાં ના આવે તો આ રકમને રાજયની બાકી રકમ ગણી વસુલ કરવાની રાજય સરકાર દ્વારા કાર્યવાહી કરવાની જોગવાઈનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

અનુસંધાન પાના નં. ૭ પર

# મા ની આંખે જુઓ મને તો સદાકાળ ને આજીવન હું રાજા છું



*એક વૃદ્ધાના સૌંદર્યની હલચલ,*
*આંખોનો મધુર અવાજ...*
*બધું જાણે*
*એક જ ઝાટકે*
*થઈ ગયું સ્થિર...*
*મારા જન્મ સમયે*
*કપાયેલી*
*સંબંધક નાળ*
*ફરીને...*

**- પન્ના નાયક**



WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

એક બાળકનો જન્મ થાય ત્યારે જે રીતે માતાના ગર્ભમાંથી આ વિશાળ પૃથ્વી પર આવી પડ્યાની અનુભૂતિ નાળ કપાતાંની સાથે જ થાય છે; તે જ નાળ માતાના મૃત્યુ સમયે ફરી એકવાર કપાઈ જાય છે. પહેલી વાર જયારે આ ગર્ભનાળથી વિખૂટું પડીને બાળક નવી દુનિયાને પોતાની નજરોથી જોતું થાય છે ત્યારે તેને જગતનું, લાગણીનું કે અન્ય કોઈ વળગણ કે સાનભાન હોતા નથી, પરંતુ, જયારે માતા મૃત્યુ પામે છે ત્યારે કોઈ પણ ઉંમરે, કોઈ પણ અવસ્થામાં રહેલી વ્યક્તિ આ મૃત્યુને સ્વીકારવા અસમર્થ, અસહાય અને લાચાર બની બેસે છે. નવજાત શિશુનો તેની માતા સાથેનો સંબંધ દેવોને પણ પૃથ્વી પર અવતાર લેવા મજબૂર કરી ચૂક્યો છે એ વાતથી આપણે સૌ સારી રીતે વાકેફ છીએ જ. પણ જો, માતાની દૃષ્ટિએ જોવામાં આવે તો તે પણ પોતાના બાળકને હૃદયના ઊંડાણથી એક અતિ પવિત્ર બંધનમાં બાંધી દે છે. માતા અને બાળકનો આ સંબંધ પ્રભુ અને ભક્તની ભક્તિના સર્વોચ્ચ શિખર સમો હોય છે, માટે જ, કવિવર શ્રી ઉમાશંકર જોષી લખે છે કે,

'બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને,
વત્સલમૂરત સ્નેહલ સૂરત, હૃદય હૃદયનાં વંદન તેને.'

બાલ્યાવસ્થા પછીની અવસ્થામાં બાળક અને માતા વચ્ચેનું અનુસંધાન થોડું છેદાય છે ચોક્કસ પણ, માતા કોઈ પણ ઉંમરે બાળકની ચિંતા કરવામાં કોઈ કચાશ રાખતી નથી. સ્ત્રી એ ઈશ્વરનું કેવું અદ્ભૂત સર્જન છે! એ એના જીવનમાં કેટકેટલા કિરદાર કેટલી સહજતાથી અને લાગણીથી નિભાવી જાણે છે. સાવ પારકા ઘરમાં પણ પોતાની જગ્યા બનાવી લે છે અને પારકાનેય પોતાના કરી જાણે છે. પણ અત્યારે વાત 'મા'ની કરવી છે માટે 'મા' નું જ એક જટિલ સ્વરુપ છે 'સાવકી મા'. 'સાવકી મા' તેમજ 'સાસુમા' માતાના આ બંને સ્વરુપને, સમજવા થોડા અઘરા છે પણજો બંને સંબંધને સુંદર રીતે અને પ્રયત્નપૂર્વક સીંચવાનો પ્રયત્ન કરીએ તો માતાનું આ જટિલ સ્વરુપ પણ ચોક્કસપણે મધમધી ઊઠે!

કોઈ પણ 'મા' પોતાના સંતાન માટે થોડી વધુ 'Protective' અને 'Possessive' હોય એ બાબત વ્યાજબી છે. પણ સમયની સાથે સાથે આ દોરી થોડી, ઢીલા મૂકતું જવું, અમુક તબક્કે તેના માટે, મુશ્કેલ બનતું જાય છે. પોતાના વ્હાલસોયા બાળકોના પ્રેમને અન્ય કોઈ સાથે વ્હેંચી ન શકવાના તેના પ્રેમને કે મોહને કારણે જ પ્રપંચો, ષડયંત્રો, કાવાદાવા અને કપટ કરનારી સ્ત્રી તે તેની ખુદની જાણ બહાર જ બની બેસે છે. તેમાં અન્યનું અહિત કરવા માટે નહિ પરંતુ પોતાના બાળકના હિત માટે વધુ પડતી કાળજી લેવી એ હેતુ રહેલો હોય છે. એક માતા પાસે દરિયા જેટલી વિશાળતા અગાધ અસીમ પ્રેમ રહેલો હોય છે. પણ એ જ દરિયાનું પાણી તમે એક મુઠ્ઠીમાં કેદ કરો ત્યારે દરિયાની તમામ ગુણવત્તા ધરાવનારું એ પાણી વિશાળતાનો ગુણધર્મ ગુમાવી બેસે છે. ખોબામાં રહેલું એ પાણી સીમિત રહી જાય છે અને એ જ છે એક 'મા' ની મર્યાદા. 'મા' ની એ મર્યાદા ઓળંગાય ત્યારે જ તે જગત્જનની જગદંબાની દિવ્ય સ્વરુપ ધારણ કરી શકે છે.

આજના આ યુગમાં જયારે 'આઝાદ' વિચારો અને 'સ્પેસ' એટલે કે અવકાશનું મહત્ત્વ સંબંધમાં ખૂબ વધી ગયું છે ત્યારે બાળકો મા-બાપથી થોડા વિખૂટા પડતા જણાય છે. જો કે, મા ગમે તેટલું કામ કરતી, ગમે તેટલું ભણેલી-ગણેલી હોવા છતાં આજે પણ અંદરથી એક સૌમ્ય અને વ્હાલસોયી પ્રેમની મૂર્તિસમાન જ છે. સમય સાથે બાળકને ઉડવા માટે પાંખો આપીને જ અંદરના ખાલી ખૂણાને પોતાની વ્યસ્ત જીવનશૈલીમાં છુપાવી દે છે અને ગમે તેટલી પ્રગતિ કરનાર અને હવામાં દૂર-દૂર સુધી ઉડનાર બાળકની નજર પણ પોતાની મા તરફ હોય છે. બાળકને પોતાની સફળતાનો સર્વશ્રેષ્ઠ અનુભવ જો કોઈ કરાવી શકે તેમ હોય તો તે માત્ર અને માત્ર 'મા'ની વાત્સલ્યપૂર્ણ 'આંખો' જ છે. 'મા' ની આંખોમાં છલકાતું ગૌરવ જોઈને બાળકને પણ પોતાની પ્રગતિનો બમણો અહેસાસ થાય છે. એક અવસ્થાએ પહોંચ્યા બાદ જે રીતે નાનપણમાં 'મા'ને આજુબાજુ ન જોઈને બાળકને જે અજંપો રહેતો તે હવે બાળકને આસપાસ ન જોતાં 'મા' ને રહ્યા કરે છે. ખાસ કરીને, જયારે 'મા'ને લાગે છે કે હવે વૃદ્ધ થઈ છે અને ગમે તે ક્ષણે યમદ્વારથી તેડુ આવ્યે નીકળવાનું થશે ત્યારે તેને પોતાના સંતાનને મન ભરીને નિહાળવાની અને તેની સાથે વધુમાં વધુ સમય વિતાવવાની મમત જાગે છે. સંતાનને કયારેક 'મા'નું આ મમત્વ વણગણ સમું લાગે છે. પણ જયારે 'મા' દુનિયામાંથી વિદાય લે છે ત્યારે જે રીતે ગર્ભનાળમાંથી છેદાઈને આ દુનિયામાં આવી પડાયું છે એ જ પીડાનો બાળક અનુભવ કરે છે. ફરક માત્ર એટલો જ કે ત્યારે 'મા' અસહ્ય પીડા ભોગવી રહી હતી અને આજે તેનું બાળક! રાતોરાત કોઈ ઉંમરે પહોંચેલું બાળક પોતાને એકલું અને લાચાર સમજવા લાગે છે. આ અસહ્ય આઘાતમાંથી એ આજીવન બહાર આવી શકવાને અસમર્થ રહે છે.

*હા*
*હું 'મા' ની કૂખે*
*નવ નવ મહિના*
*રાજવી ઠાઠમાઠ ભોગવતો રાજા છું*
*ને*
*મા ની આંખે જુઓ મને તો*
*સદાકાળ ને આજીવન હું રાજા છું.*
*હા હું રાજા છું*
*બાળરાજા.*

**- રસિક દવે**

**Last seen :**

*'જનેતા, જયારે યે જનમીશ જુદાં રૂપ ધરી તું,*
*મને પૂરી શ્રદ્ધા : લઈશ અમથી ઓળખી તને...*
*બને કે તું કો'દી જનમીશ તરુ થૈ ભવરણે,*
*તને હું છાયાથી લઈશ પારખી શીતલપણે...*
*અમસ્તો ઘેરાઈ સજલ ઘન કો ગ્રીષ્મઋતુમાં*
*ધરી રહેશે છાયા શિર મુજ; થશે : એ તું, તું જ મા!*

**- ઉશનસ્**

- nehalgadhavi101@gmail.com

# ગૃહ પ્રધાન રાજનાથ સિંહ કાશ્મીર કોકડું ઉકેલવાનું મિશન

- *મંત્રણાની સાથે એનઆઈએ આતંક મચાવવા પ્રયત્નશીલ લોકોને જેર કરવાની કોશિશમાં*
- *યથવંત સિંહાના બિન-ભાજપી અને મનમોહન સિંહના કોંગ્રેસી પ્રતિનિધિમંડળને આવકાર*
- *કેન્દ્રીય ગૃહમંત્રી મને છે કે વર્ષ ૨૦૨૨ સુધીમાં કાશ્મીરના કોકડાને ઉકેલવામાં આવશે*
- *વિધાનસભાની આગામી ચૂંટણીમાં ભાજપ એકલે હાથે બહુમતી મેળવવાની વેતરણમાં*



અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગત ૧૫ ઓગસ્ટે લાલ કિલ્લા પરથી જમ્મુ-કાશ્મીર કોકડું 'ગોળી અને ગાળથી નહીં, પણ બોલી (મંત્રણા)થી ઉકેલવા'ની તરફેણ કરી હતી. એ દિશામાં હવે ગૃહ પ્રધાન રાજનાથ સિંહ કામે વળ્યા છે. સપ્ટેમ્બર ૨૦૧૬માં ગૃહ પ્રધાન રાજનાથ સર્વપક્ષી પ્રતિનિધિમંડળ સાથે જમ્મૂ-કાશ્મીરની મુલાકાતે ગયા હતા અને હિઝબુલ મુઝાહિદીનના કમાન્ડર બુરહાન વાનીની હત્યાને પગલે સર્જાયેલી અજંપાભરી સ્થિતિને ટાઢી પાડવાની કોશિશના ભાગરૂપે પ્રતિનિધિમંડળો અને રાજનેતાઓ તથા અધિકારીઓને મળ્યા હતા. જોકે, કાશ્મીર કોકડું ઉકેલાવાનું નામ લેતું નથી. દિલ્હી અને શ્રીનગરમાં હવે ભાજપ અને મિત્રપક્ષની સરકાર હોવા છતાં અવિશ્વાસનું વાતાવરણ યથાવત્ જળવાયું છે.એટલે ગૃહમંત્રીએ નવેસરથી વિશ્વાસ નિર્માણ કરવાની કોશિશ કરી છે.ઉતાવળે આંબા પાકે નહીં, પણ એમના સંનિષ્ઠ પ્રયાસોનાં ફળ જરૂર મળશે એવી આશા જરૂર જગાવી છે. જોકે, અવિશ્વાસ અને આતંકના વાતાવરણની સ્થિતિને થાળે પાડવા માટે 'ખુલ્લા દિમાગથી' જમ્મૂ-કાશ્મીરની ચાર દિવસની મુલાકાત લેવાના રાજનાથ સિંહના પ્રયાસોના કેવા પરિણામ આવશે, એ આવતા દિવસોમાં સ્પષ્ટ થઈ જશે. એક બાજુ, ભારત સરકાર મંત્રણાની વાત કરે છે અને બીજી બાજુ, નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) થકી આતંક મચાવવા પ્રયત્નશીલ એવા લોકોને જેર કરવાની કોશિશમાં છે.અમરનાથ યાત્રાના હત્યાકાંડનો સૂત્રધાર અને લશ્કર-એ-તોઈબાનો કમાન્ડર અબુ ઈસ્માઈલ પણ આ જ ગાળામાં ઠાર થયો. આ સંજોગોમાં કેવાં પરિણામ આવશે એ કહેવું મુશ્કેલ હોવાનું રાજ્યના પૂર્વ મુખ્ય પ્રધાન અને પૂર્વ કેન્દ્રીય પ્રધાન ડૉ. ફારુક અબ્દુલ્લા કહે છે. બીજી બાજુ, યુકેના પાકિસ્તાની ગોત્રના સાંસદ સહિત ચાર સાંસદોનું પ્રતિનિધિમંડળ જમ્મૂ-કાશ્મીરની મુલાકાત લઈને આત્મનિર્ણયના રાજ્યની પ્રજાના અધિકારનું ઉંબાડિયું કરીને જાય છે ત્યારે મામલો વિફરવો સ્વાભાવિક છે. સાથે જ ભારતીય બંધારણની કલમ ૩૭૦ અને કાશ્મીરના બંધારણની કલમ ૩૫ (એ) અંગે રાજ્યની હિંદુ-મુસ્લિમ પ્રજાથી લઈને ભારતની સર્વોચ્ચ અદાલત સુધી ચાલતા વિવાદ અને ખટલા વાતાવરણને કથળાવે છે.

ભાજપના નેતા અને વાજપેયી સરકારમાં વિદેશ પ્રધાન રહેલા યથવંત સિંહાના બિન-ભાજપી પ્રતિનિધિમંડળ થકી કાશ્મીરની આગને ઠારવાના પ્રયાસો થઈ રહ્યા છે, તો ભૂતપૂર્વ વડા પ્રધાન ડૉ.મનમોહન સિંહના વડપણ હેઠળ કૉંગ્રેસના પ્રતિનિધિ મંડળને જમ્મુ-કાશ્મીર પાઠવીને કાશ્મીર કોકડાનો ઉકેલ શોધવાની કોશિશ થઈ રહી છે. આ બધા પ્રયાસ એકંદરે આવકાર્ય છે. જમ્મૂ-કાશ્મીરનો મામલો થાળે પડે એવું સમગ્રપણે સર્વપક્ષી નેતાગીરી ઈચ્છતી હોવા છતાં રાજ્યમાં પીડીપી અને ભાજપના સત્તામોરચામાં જ ભારે મતભેદ જોવા મળે છે. બંને પક્ષોની કામ કરવાની સમજૂતીમાં ભારતીય બંધારણની કલમ (આર્ટિકલ) ૩૭૦ તથા એ અન્વયે રાજ્યના અલગ બંધારણીય દરજ્જાના બંધારણની કલમ ૩૫ (એ) અંગે મતભેદને કારણે પગલાં લેવા બાબત કાંઈ નહીં કરવાનું સ્વીકારાયું છે. જોકે, ભાજપ અને પીડીપીની આ સંદર્ભમાં વિરોધાભાસી ભૂમિકા રહ્યાં છતાં સત્તા કાજે બંને પક્ષો ભેગા રહ્યા છે. સાથે જ કેન્દ્રમાં ભાજપના વડપણવાળી સરકાર હોવાને કારણે પીડીપીનાં નેતા અને મુખ્ય પ્રધાન મહેબૂબા મુફ્તી ભાજપ સાથે છેડો ફાડવામાં સંકોચ કરી રહ્યાં છે. પીડીપી ભાજપ સાથે છેડો ફાડે અને ભાજપ એના જૂના મિત્રપક્ષ નેશનલ કૉન્ફરન્સ સાથે મળીને સરકાર બનાવે તો મુફ્તી માટે તો બેઉ બાજુ નુકસાની વહોરવાના સંજોગો સર્જાય. આમ પણ એમના પક્ષમાં ય અસંતોષનો ચરુ ઊકળી રહ્યો છે. મુફ્તી ધૂઆંપૂઆં હોવા છતાં મુખ્ય પ્રધાન પદ જાળવી રાખવાના સ્વાર્થમાં સત્તાના મોરચામાં રહેવા વિવશ છે.

કેન્દ્રના ગૃહ પ્રધાન રાજનાથ સિંહે ૨૦૨૨ સુધીમાં કાશ્મીરના કોકડાને ઉકેલવામાં આવશે, એવા કરાયેલા નિવેદનને અહીંના ડૉ. મુહમ્મદ કાસીમ જેવા નેતાઓ આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ એકલેહાથે જમ્મૂ-કાશ્મીરમાં બહુમતી મેળવવાની દિશામાં આગળ વધી રહ્યાનું વિશ્લેષણ કરે છે. ડિસેમ્બર ૨૦૧૪માં વિધાનસભાની છેલ્લી ચૂંટણી યોજાઈ હતી. આવતી ચૂંટણી ડિસેમ્બર ૨૦૨૦માં યોજાવાની અને ૨૦૨૧માં નવી સરકાર રચાવાની શક્યતા રહે છે.ગત ચૂંટણીમાં સૈયદ અલી શાહ ગિલાની સહિતનાએ હુર્રિયત થકી ચૂંટણીનો બહિષ્કાર કરવાની હાકલ કર્યા છતાં રાજ્યમાં ચાર તબક્કામાં યોજાયેલી ચૂંટણીમાં ૬૫.૨૩ ટકા મતદાન થયું હતું. નેશનલ કૉન્ફરન્સ અને કૉંગ્રેસના છૂટાછેડા પછી બંને પક્ષોની બેઠકો એ ચૂંટણી પછી ઘટી હતી. દર ૭ વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજવાની જોગવાઈ ધરાવતા જમ્મૂ-કાશ્મીરની વિધાનસભા ચૂંટણી બધા પક્ષોએ સ્વતંત્ર રીતે લડી અને પીડીપીને સૌથી વધુ બેઠકો મળી હતી, છતાં ૮૭ સભ્યોની ધારાસભામાં બહુમતી માટે જરૂરી ૪૪ બેઠકની તુલનામાં એની ૨૮ બેઠકો તો ઓછી હતી. ભાજપ થકી કેટલાક પૂંછડિયા ખેલાડીઓએ સાથે મળીને

અનુસંધાન પાના નં. ૭ પર